सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | **05/02/2024** |
| રજીસ્ટર્ડ તારીખ | **05/02/2024** |
| ફેંસલ તારીખ | **04/06/2026** |
| સમયગાળો | વર્ષ– માસ – દિવસ |

# કલોલના મે. અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ( શ્રી એન. જે. નાચી ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. કલોલ, જી. ગાંધીનગર.

**ક્રિમીનલ કેસ નં.૨૭૬/૨૦૨૪**

**આંક –**

**ફરિયાદી** : **રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર,**
**સોની મનોજકુમાર અચલચંદ,**
ઉ.વ. પર, ધંધોઃ વેપાર,
રહે. ૧૭, ૧૮, શ્રી વૈભવ કોમ્પલેક્ષ, હેડ પોસ્ટ–ઓફિસની પાસે, ખૂની બંગ્લો, ચાર રસ્તાની પાસે, મુ. પો. કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગર.

**વિરૂદ્ધ**

**આરોપી** : **ઘાંચી આબિદભાઈ ઈસ્માઈલભાઈ,**
શ્રંખલાના ઓથોરાઈઝ્ડ સિગ્નેચર,
ઉ.વ. ૪૯, ધંધોઃ નોકરી,
રહે. એ–૧૩, આયોજનનગર સોસાયટી, પાનસર રોડ, મુ. પો. કલોલ, તા. કલોલ, જી. ગાંધીનગર.

---

**ગુન્હોઃ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ.**

---

**ફરિયાદ પક્ષ તરફે** : વિદ્ધાન વકીલશ્રી પી. એન. બારોટ,

**આરોપી પક્ષ તરફે** : વિદ્ધાન વકીલશ્રી બી. એચ. રાવલ.

---

**–: જજમેન્ટ :–**

**કેસની ટૂંકમાં હકીકતઃ–**

(૦૧) ફરિયાદી પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ઉપરોક્ત સરનામે રહે છે અને વેપાર કરી તેમનું તથા તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. આ કામના આરોપી ફરિયાદીની દુકાને ઘણીવાર દાગીના લેવા માટે તથા તેમના સંબંધીઓને દાગીના અપાવવા માટે તથા ઘણીવાર ફરિયાદીની દુકાન પર બેસવા માટે આવતાં–જતાં હોઈ, ફરિયાદીનો આરોપી સાથે પરિચય થયેલ હતો. જેથી, છેલ્લા ત્રણ વર્ષથી ફરિયાદી આરોપીને સારી રીતે ઓળખે છે.

ફરિયાદીનું ફરિયાદ વિગતે કથન છે કે, ફરિયાદી આરોપીને ઓળખતાં હોય અને આરોપીએ ફરિયાદી સાથે મિત્રતાનો વિશ્વાસ કેળવેલ હોઈ, આરોપી ફરિયાદીની દુકાન પર તા.૧૦/૧૧/૨૦૧૩ ના રોજ આવેલ અને આરોપીને સોનાની ચેઈન ખરીદવાની હોઈ, ફરિયાદીના ત્યાંથી તા.૧૦/૧૧/૨૦૧૩ ના રોજ એક સોનાની ચેઈન, જેનું નેટ વજન ૨૧.૬૨૦ કિંમત રૂા.૧,૪૦,૬૯૦/– (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર છસો નેવું પુરાં) તથા બીજી એક સોનાની ચેઈન, જેનું નેટ વજન ૪૬.૪૧૦ કિંમત રૂા.૩,૦૧,૭૭૬/– (અંકે રૂપિયા ત્રણ લાખ એક હજાર સાતસો છોંતેર પુરા)ની એમ કુલ–૦૨ ચેઈનની ખરીદી કરેલ, જેનું મજૂરી તથા જી.એસ.ટી. સાથેનું કુલ બિલ રૂા.૪,૫૫,૭૪૦/– (અંકે રૂપિયા ચાર લાખ પંચાવન હજાર સાતસો ચાળીસ પુરાં) નું બનેલ અને આરોપી અને ફરિયાદી એકબીજાના પરિચિત હોઈ, આરોપીએ ફરિયાદીને રૂા.૨૧,૦૦૦/–(અંકે રૂપિયા એકવીસ હજાર પુરાં)

રોકડા આપેલ અને બાકીની રકમ પેટે રૂા.૪,૩૪,૭૪૦/– (અંકે રૂપિયા ચાર લાખ ચોત્રીસ હજાર સાતસો ચાલીસ પુરાં)નો પંજાબ નેશનલ બેંક, કલોલ શાખાનો ચેક નં.૧૪૯૧૬૫, તા.૧૧/૧૧/૨૦૨૩ ના રોજનો શ્રંખલાના ઓથોરાઈઝ્ડ સિગ્નેચર તરીકેનો આપેલ હતો અને જેમાં આરોપીએ ફરિયાદીની હાજરીમાં સહી કરેલ હતી અને બાકીની વિગત ફરિયાદીના સ્ટાફની છોકરી સાથે ભરાવેલ હતી. સદર ચેક આપતી વખતે આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, અઠવાડીયા પછી તમે ચેક બેંકમાં જમા કરાવશો તો તમને તમારી કાયદેસરની લ્હેણી રકમ પરત મળી જશે તેવો વિશ્વાસ આપેલ.

ફરિયાદીનું ફરિયાદ વિગતે કથન છે કે, આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ તેમની યસ બેંક, કલોલ શાખામાં તા.૨૦/૧૧/૨૦૨૩ ના રોજ જમા કરાવતાં સદર ચેક તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ "**Funds Insufficient**" ના શેરા સાથે વણચૂકવ્યો પરત ફરેલ. જેથી, ફરિયાદીએ આરોપીનો સંપર્ક કરતાં આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, હાલ પેમેન્ટ જમા થયેલ નથી, દસ દિવસ બાદ જમા કરાવશો. જેથી, આરોપીની સલાહ મુજબ ફરિયાદીએ ફરીથી તેમની યસ બેંક, કલોલ શાખામાં તા.૩૦/૧૧/૨૦૨૩ ના રોજ જમા કરાવતાં સદર ચેક તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ "**Funds Insufficient**" ના શેરા સાથે વણચૂકવ્યો પરત ફરેલ. ત્યારબાદ આરોપીની સૂચના મુજબ ફરિયાદીએ ફરીથી તેમની યસ બેંક, કલોલ શાખામાં તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ જમા કરાવતાં સદર ચેક તા.૧૨/૧૨/૨૦૨૩ ના રોજ "**Funds Insufficient**" ના શેરા સાથે વણચૂકવ્યો પરત ફરેલ. ત્યારબાદ આરોપીની સૂચના મુજબ ફરિયાદીએ ફરીથી તેમની યસ બેંક, કલોલ શાખામાં તા.૩૦/૧૨/૨૦૨૩ ના રોજ જમા કરાવતાં સદર ચેક તા.૦૧/૦૧/૨૦૨૪ ના રોજ "**Funds Insufficient**" ના શેરા સાથે વણચૂકવ્યો પરત ફરેલ. ત્યારબાદ આરોપીનો સંપર્ક કરતાં આરોપીએ ફરિયાદીને કોઈ

સંતોષકારક જવાબ આપેલ નહિ અને ફરિયાદીની મજાક કરવાના ઈરાદે તા.૧૨/૦૧/૨૦૨૪ ના રોજ રૂ.૧/- ઓનલાઈન ટ્રાન્સફર કરેલ. જેથી, ફરિયાદીએ આરોપીને વકીલશ્રી મારફત તા.૧૩/૦૧/૨૦૨૪ ના રોજ લીગલ નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી મોકલાવેલ, જે નોટીસ આરોપીને તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ તેમના ઘરના સરનામે મળી ગયેલ હોવા છતાં, સદર નોટીસનો આરોપીએ કોઈ જવાબ આપેલ નથી કે, ફરિયાદીની લ્હેણી રકમ પરત આપવા બાબતે કોઈ જ કાર્યવાહી કરેલ નથી. આમ, આ કામના આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોઈ, ધોરણસરની કાર્યવાહી કરવા તથા ફરિયાદી પાસેથી આરોપીએ લીધેલ રકમ પરત અપાવવા તથા વળતર અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

ફરિયાદીની ફરિયાદ સાથે સરતપાસનું સોગંદનામું તથા અસલ દસ્તાવેજી પુરાવા રજુ થતાં આરોપી સામે પ્રથમ દર્શનીય ગુન્હો જણાઈ આવતાં અદાલતે આરોપી વિરૂદ્ધ વટાઉ ખત અધિનિયમની કલમ-૧૩૮ મુજબ પ્રોસેસ ઈસ્યુનો હુકમ કરેલ.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલોઃ-**

**(૦૨)** ફરિયાદીની ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૦ મુજબ સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી, આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૪ અન્વયે હુકમ કરવામાં આવેલ છે. જે સમન્સ આરોપીને ધોરણસર બજી જતાં આરોપી અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ ફરિયાદ તથા દસ્તાવેજી પુરાવાની નકલ મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૧ મુજબ **આંક-૨૪ થી નિવેદન** નોંધવામાં આવેલ છે.

આરોપીએ તેમની સામે આક્ષેપિત ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને હાલના કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવાનું પસંદ કરેલ છે. તેથી, સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા બાબતઃ–</u>**

(૦૩) ફરિયાદ પક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**– :: <u>મૌખિક પુરાવો</u> :: –**

| અ.નં. | | સાહેદ | આંક |
|---|---|---|---|
| ૧. | ફરિયાદી | મનોજકુમાર અચલચંદ સોની. | ૦૪ |

**– :: <u>દસ્તાવેજી પુરાવા</u> :: –**

| અ.નં. | દસ્તાવેજો | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદવાળો અસલ ચેક નં.૧૪૯૧૬૫. | ૦૬ |
| ૨. | ફરિયાદવાળો ચેક રીટર્ન થયા અંગેના અસલ ચેક રીટર્ન મેમા. | ૦૭ થી ૧૦ |
| ૩. | ફરિયાદીએ આરોપીને આપેલ અસલ બિલ. | ૧૧ |
| ૪. | આરોપીને પાઠવેલ અસલ નોટીસની સ્થળપ્રત. | ૧૨ |
| ૫. | આરોપીને નોટીસ આર.પી.એ.ડી. કર્યાની અસલ પાવતી. | ૧૩ |
| ૬. | આરોપીને નોટીસ બજ્યાની અસલ એકનોલેજમેન્ટ સ્લીપ. | ૧૪ |
| ૭. | આરોપીને નોટીસ બજવણી થયા અંગેનો પોસ્ટનો ટ્રેકિંગ રીપોર્ટ. | ૧૫ |
| ૮. | ફરિયાદીના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ. | ૧૬ |

ઉપરોક્ત પુરાવો રજુ થયા બાદ ફરિયાદ પક્ષ તરફે **આંક–૩૩** થી પુરાવો પુરો થયા અંગેની ક્લોઝીંગ પુરશીષ રજુ રાખવામાં આવેલ છે.

**ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન તથા પુરાવા બાબતેઃ–**

(૦૪) આ કામે ફરિયાદ પક્ષે પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન નોંધતાં આરોપીએ જણાવેલ છે કે, આરોપીએ ચેક આપેલ નથી, ચેક રીટર્ન બાબતે કોઈ વાતચીત ફરિયાદી સાથે થયેલ નથી, ભૂલથી રૂા.૧/– ટ્રાન્સફર થયેલ હતો, ખોટી નોટીસ આપેલ છે, આરોપીએ દાગીના ખરીદેલ નથી, પોસ્ટની એકનોલેજમેન્ટમાં આરોપીની સહી નથી અને કોની સહી છે તે ખબર નથી, આરોપીએ આ કામના ફરિયાદી સાથે આવો કોઈ વ્યવહાર કરેલ નથી અને ફરિયાદીએ  નેગોશીયેબલ ઈન્સ. એક્ટની જોગવાઈ મુજબ નોટીસ આપેલ નથી અને ખોટી રીતે ફરિયાદ દાખલ કરેલ છે.

આરોપી પક્ષે તેમના વિશેષ નિવેદનમાં તેઓ સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી કે, બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

**ફરિયાદ પક્ષે દલીલોઃ**

(૦૫) ફરિયાદ પક્ષે વિ.વ.શ્રી પી. એન. બારોટે મૌખિક દલીલોમાં તેમની ફરિયાદ મુજબ તેમજ રજુ કરેલા દસ્તાવેજી પુરાવા આધારે રજુઆત કરેલ છે. વધુમાં, કાયદાકીય જોગવાઈઓ મુજબ રજુઆત કરેલ છે. ફરિયાદીની ઉલટ તપાસ દરમિયાન આરોપીએ ફરિયાદી પાસેથી હાથ ઉછીની રકમ સ્વીકારેલ છે તેવું પુરવાર થયેલ છે. આરોપીએ નક્કર પુરાવાથી સાબિત કરવું પડે કે, તકરારી ચેક લ્હેણા પેટે આપવામાં આવેલ નથી. એન.આઈ.એક્ટની જોગવાઈઓ મુજબ ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવાનું હોય છે. આરોપી પક્ષ અનુમાનનું ખંડન કરી શકેલ નથી.

વધુમાં, દલીલોમાં જણાવેલ છે કે, આરોપીએ ફરિયાદીની નોટીસનો જવાબ આપેલ નથી. તેથી, કાયદેસરનું અનુમાન રીબર્ટ થતું નથી અને આરોપી વિરૂદ્ધ અનુમાન કરવાનું થાય. ફરિયાદ પક્ષ દ્વારા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ મુજબ કાયદેસરની પ્રોસીઝર અનુસરવામાં આવેલ છે. ફરિયાદીને

ફરિયાદ કરવા હક્ક–અધિકાર છે. ફરિયાદી રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર હોઈ અને પ્રોપરાઈટર એ ઓનર્સ ગણાય અને તેથી તેઓએ આરોપી વિરૂદ્ધ હાલની ફરિયાદ દાખલ કરેલ છે. વધુમાં, દલીલમાં જણાવેલ છે કે, શૃંખલા પ્રોપરાઈટર ફર્મ છે, તે પેઢી કે કંપની નથી, તેથી આરોપી પક્ષનો બચાવ ચાલી શકે નહિ. તકરારી ચેકમાં "**ફોર શૃંખલા એ.આઈ. ઘાંચી ઓથોરાઈઝ્ડ સિગ્નેટરી**" એવું લખેલ છે, તેનું સ્ટેટ્સ જાહેર કરતાં નથી કે, તે પેઢી કે કંપની છે તેવું પણ બતાવતાં નથી.

વધુમાં, ફરિયાદ પક્ષે તેમની દલીલોના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટના ***2007 CRI. LJ 2436 (S.C.) Raghu Lakshminarayan vs. M/s. Fine Tubes*** ચૂકાદો રજુ રાખેલ છે. જે માનસહ વંચાણે લીધેલ છે.

**બચાવ પક્ષે દલીલોઃ**

(૦૬) બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી બી. એચ. રાવલે મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આરોપીએ આવો કોઈ ચેક ફરિયાદીને આપેલ નથી. રજુ બિલમાં ફરિયાદીની સહી કે સિક્કો નથી. ફરિયાદીએ શ્રૃંખલાના ઓથોરાઈઝ્ડ સિગ્નેટરીને કોઈ નોટીસ આપેલ નથી તેવું સ્વીકારે છે. ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ હાલની ફરિયાદ શ્રૃંખલના ઓથોરાઈઝ્ડ સિગ્નેટરી આબિદભાઈ ઘાંચી ઉપર દાખલ કરેલ છે. ફરિયાદીએ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓએ હાલની ફરિયાદ રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર તરીકે કરેલ છે અને પ્રોપરાઈટર તરીકે નોટીસ પણ આપેલી છે. પ્રોપરાઈટર બાબતનો કોઈ આધાર–પુરાવો રજુ કરેલ નથી. ફરિયાદીએ અમો આરોપી ઉપર ખોટી ફરિયાદ કરેલ છે. ફરિયાદીની ફરિયાદને કાયદાકીય જોગવાઈઓનો બાધ નડે છે.

વધુમાં, બચાવ પક્ષે તેમની દલીલોના સમર્થનમાં આંક–૩૮ ના લીસ્ટથી નામદાર ઉચ્ચ અદાલતોના નીચે મુજબના ચૂકાદાઓ રજુ રાખેલ છે.

1. Himanshu Vs. B. Shivamurthy & Anr., Criminal Appeal No. 1465 of 2009 Supreme Court.
2. Aneeta Hada Vs. M/s. Godfather Travels & Tours Pvt. Ltd., Criminal Appeal No. 838 of 2008, Supreme Court.
3. 2007 CRI. LJ 2436 (SC) Raghu Lakshminarayan vs. M/s. Fine Tubes.

(૦૭) સદર કેસની હકીકતો ધ્યાને લેતાં કેસના ન્યાયિક નિર્ણય માટે અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદીની કાયદેસરની લ્હેણી રકમની ચૂકવણી પેટે આરોપીએ તેમની ખાતાવાળી પંજાબ નેશનલ બેંક, કલોલ શાખાનો તા.૧૧/૧૧/૨૦૨૩ ના રોજનો ચેક નં.૧૪૯૧૬૫, રૂા.૪,૩૪,૭૪૦/- (અંકે રૂપિયા ચાર લાખ ચોત્રીસ હજાર સાતસો ચાલીસ પુરાં) નો ફરિયાદીને આપેલ અને સદરહું ચેક ફરીયાદીએ તેમની બેંકમાં રજુ કરતાં વણચૂકવ્યો પરત ફરતાં ફરીયાદીએ આરોપીને કાયદેસરની નોટીસ આપવા છતાં સદરહું રકમ નહી ચૂકવી આપી, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૭.૧) મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

**૨. આખરી હુકમ મુજબ.**

**// કારણો //**

**ફરીયાદ પક્ષ તરફે રજુ મૌખિક પુરાવોઃ**

(૦૮) આ કામે ફરિયાદ પક્ષે પોતાની હકીકત પુરવાર કરવા માટે **આંક–૦૪ થી ફરિયાદી – સોની મનોજકુમાર અચલચંદ**નું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ તેમની ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકત જણાવેલ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. તેમજ ફરિયાદીએ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કર્યા મુજબના દસ્તાવેજો તેમના પુરાવાના સોગંદનામામાં રીફર કરેલા છે.

**આંક–૦૪ થી જુબાની આપનાર ફરિયાદીએ બચાવ પક્ષની ઉલટ તપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,** "મને આંક–૧૧ વાળુ બિલ બતાવવામાં આવે છે. એ વાત ખરી છે કે, આંક–૧૧ વાળુ બિલ અમારી દુકાનનું છે. એ વાત ખરી છે કે, આ બિલની અંદર માલ ખરીદ કરનારની કોઈ સહી નથી. એ વાત ખરી છે કે, સોનાની ખરીદીનું બિલ ઘાંચી આબિદભાઈ ઈસ્માઈલભાઈનું બનાવેલ છે. એ વાત ખરી છે કે, આ બિલમાં ઓથોરાઈઝડ સિગ્નેટરીનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, શૃંખલાના ઓથોરાઈઝડ સિગ્નેચરનાઓને મેં આજદિન સુધી ચેક રીટર્ન થયા બાબતની નોટીસ આપેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ હાલની ફરિયાદ શૃંખલાના ઓથોરાઈઝડ સિગ્નેટરી આબિદભાઈ ઈસ્માઈલભાઈ ઘાંચી ઉપર દાખલ કરેલ છે. એ વાત ખરી છે કે, અમોએ આરોપીએ અમારી પાસેથી આ કેસ સિવાય દાગીના ખરીદ્યા હોય તે બાબતના કોઈ આધાર–પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પેઢી અલગ હોય અને વ્યક્તિ અલગ હોય તે હું જાણું છું. હવે, કહું છું કે, ઓથોરાઈઝડ અને પેઢી અલગ હોય એવું આજે જાણ થઈ. મારે રાજદિપ જ્વેલર્સના નામનું બેંકમાં ખાતું હોય અને તે ખાતામાંથી મારા પર્સનલ નામથી એ ખાતામાંથી પૈસા વિડ્રો કરૂ તો મળે નહિ. એ વાત ખરી છે કે, આ કામના આરોપીએ અમને એક રૂપિયા ટ્રાન્સફર કરેલો તે બાબતના કોઈ આધાર–પુરાવા આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, અમારા જ્વેલર્સમાંથી શૃંખલા પેઢીએ કોઈ દાગીના

લીધા હોય અને તેમના નામનુમ બિલ બનેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, તેમ છતાં પણ અમોએ શૃંખલાના ઓથોરાઈઝ્ડ સિગ્નેટરી ઉપર ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, અમોએ જે નોટીસ આપી છે તે નોટીસ મુજબનો કોઈપણ વ્યવહાર આ કામના આરોપીએ રાજદિપ જ્વેલર્સ સાથે કરેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ આપેલી કાયદેસરની નોટીસ પણ રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર તરીકે આપેલ છે. એ વાત ખરી છે કે, અમોએ નોટીસ, ફરિયાદ તથા સરતપાસમાં ક્યાંય રાજદિપ જ્વેલર્સનો સિક્કો મારેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ રાજદિપ જ્વેલર્સના નામથી ફરિયાદ દાખલ કરેલી છે પણ અમો રાજદિપ જ્વેલર્સના ઓથોરાઈઝ્ડ પરસન કે પ્રોપરાઈટર હોય તે બાબતનો કોઈ આધાર–પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, હાલનો તકરારી ચેક આ કામના આરોપીએ મને આપેલ નથી તેમ છતાં ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી છે કે, તકરારી ચેકમાં સહી સિવાયનું લખાણ અલગ પડે છે. એ વાત ખરી છે કે, તકરારી ચેકમાં સહી સિવાયનું લખાણ અમારા સ્ટાફે ભરેલું છે. એ વાત ખરી નથી કે, અમારા સ્ટાફે આરોપીની જાણ બહાર ચેકમાં લખાણ ભરેલ છે. એ વાત ખરી નથી કે, સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું."

## // કારણો //

(૦૯) આ કામે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ. એક્ટ–૧૮૮૧ ની કલમ – મુજબના ગુન્હાની ફરીયાદ દાખલ કરેલ છે, ત્યારે કલમ–૧૩૮ ના મહત્વના તત્વોમાં એક મહત્વનું તત્વ એ પણ છે કે, આપવામાં આવેલ ચેક કાયદેસરના દેવા યા જવાબદારી અદા કરવાના ભાગરૂપે આપેલ હોય, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ચેક ગિફ્ટ અથવા ડોનેશન પેટે આપેલ હોય યા કોઈ દેવા કે અન્ય જવાબદારીના ભાગરૂપે ડ્રોઅરે પેઈને આપેલ ન હોય તો ચેક ગમે તે કારણસર પરત ફરવાથી ધી નેગોશીયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો બનતો નથી. વધુમાં, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ જોઈએ તો, તેમાં ચેક ધારણ કરનારે ચેક દેવા અથવા અન્ય જવાબદારી ભાગરૂપે ડ્રોઅર પાસેથી મેળવેલ છે તેવું કોર્ટ અનુમાન કરશે સિવાય કે આરોપી વિરૂદ્ધનું પુરવાર કરે, એટલે કે, કલમ–૧૩૯ મુજબનું અનુમાન ખંડનીય છે. કલમ–૧૧૮ જોતાં વટાઉખતના અવેજ, તારીખ, સ્વીકારનો સમય, તબદિલી સમય, શેરાઓના ક્રમ, સ્ટેમ્પ, ધારક યથાક્રમધારક છે તેમ માની લેવા વિશે અનુમાન કરશે. સદર અનુમાન ખંડનીય છે. ઉપરોક્ત જોગવાઈ મુજબ ફરિયાદ પક્ષે એ હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે કે, ચેક લખ્યાની તારીખથી છ માસ (હવે ત્રણ માસ) અથવા ચોક્કસ સમયમર્યાદામાં એ બેમાંથી જે વહેલું હોય તે મુદ્દતમાં તેણે રજુ કર્યો હતો. આ ચેક પોતાના ખાતામાં ભર્યેથી અને પરત આવ્યેથી ૩૦ દિવસમાં રકમ ચૂકવવામાં ચેક લખનાર નિષ્ફળ ગયા બાદ એક મહિનામાં ફરીયાદીએ ફરિયા દાખલ કરેલી હતી. સાથે સાથે એ પણ પ્રસ્થાપિત કરવું પડે કે, આવો ચેક કાયદેસરની જવાબદારી અદા કરવા લખેલ હતો. જે અનુસંધાને ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો **ફરીયાદીએ આ કામે આંક–૦૯ થી અસલ તકરારી ચેક રજુ કરેલ છે તે ચેકમાં તા.૧૧/૧૧/૨૦૨૩ લખેલ છે જે ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ભરતાં આંક–૧૦ ના બેંક રીટર્ન મેમોથી તા.૦૧/૦૧/૨૦૨૪ ના રોજ "ફંડ્ઝ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે વણચૂકવ્યો પરત ફરેલ છે. તેથી, એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે, ફરીયાદીએ નિયત સમયમાં ચેક બેંકમાં રજુ કર્યો હતો. સદર ચેક પરત આવ્યેથી ફરીયાદીએ તા.૧૩/૦૧/૨૦૨૪ ના રોજ તૈયાર કરેલી નોટીસ તે જ દિવસે પોસ્ટથી મોકલેલ છે, તે આંક–૧૨ ની નોટીસ તથા આંક–૧૩ ની પોસ્ટ ઓફિસની સફેદ પાવતી પરથી ફલિત થાય છે. જેથી, પ્રસ્થાપિત થાય છે કે, સમયમર્યાદામાં નોટીસ આપેલ છે. સદર નોટીસ આરોપીને <u>તા.૧૫/૦૧/૨૦૨૪</u> ના રોજ બજી ગયેલ છે, તેવું**

**આંક–૧૫ થી રજુ પોસ્ટ ઓફિસના ટ્રેકિંગ રીપોર્ટ પરથી ફલિત થાય છે. આમ, તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ નોટીસ બજી ગયા બાદ આ કામના ફરીયાદીએ તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ ફરિયાદ દાખલ કરેલ છે. જે જોતાં ફરીયાદ કાયદાકીય જોગવાઈ મુજબ યોગ્ય રીતે દાખલ કરેલ છે.**

(૧૦) સદર કામે આરોપી પક્ષે ફરિયાદીની ઉલટ તપાસમાં ફરિયાદીને પૂછતાં ફરિયાદીએ જણાવેલ છે કે,

"એ વાત ખરી છે કે, અમોએ હાલની ફરિયાદ રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર તરીકે કરેલી છે. એ વાત ખરી છે કે, અમોએ આપેલી કાયદેસરની નોટીસ પણ રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર તરીકે આપેલી છે. એ વાત ખરી છે કે, અમોએ નોટીસ, ફરિયાદ તથા સરતપાસમાં ક્યાંય રાજદિપ જ્વેલર્સનો સિક્કો મારેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ રાજદિપ જ્વેલર્સના નામથી ફરિયાદ દાખલ કરેલી છે પણ અમો રાજદિપ જ્વેલર્સના ઓથોરાઈઝ્ડ પરસન કે, પ્રોપરાઈટર હોય તે બાબતનો કોઈ આધાર– પુરાવો આ કામે રજુ કરેલ નથી."

ઉપરોક્ત લીધેલ બચાવ ધ્યાને લઈએ તો કેસ રેકર્ડ ધ્યાને લેતાં સદર કામે કાયદાનો પ્રશ્ન સમાયેલો છે. સદર લીધેલ બચાવ બાબતે કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈએ તો,

**<u>N. I. Act Section - 139:- Presumption in favour of holder:-</u> It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.**

**<u>N. I. Act Section – 142(1)(a):-</u> no Court shall take cognizance of any offence punishable under section 138 except upon a complaint, in writing, made by the payee or, as the case may be, the holder in due course of the cheque;**

(૧૧) સદર કામે કેસ રેકર્ડ ધ્યાને લેતા ઉપર્યુક્ત જોગવાઈ મુજબ કાયદાનો પ્રશ્ન સમાયેલો છે. ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન આરોપીના વિ.વ.શ્રીના પુછવાથી ફરિયાદીએ જણાવેલ છે કે,"એ વાત ખરી છે કે, અમોએ હાલની ફરિયાદ રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર તરીકે કરેલી છે. એ વાત ખરી છે કે, અમોએ આપેલી કાયદેસરની નોટીસ પણ રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર તરીકે આપેલી છે. એ વાત ખરી છે કે, અમોએ નોટીસ, ફરિયાદ તથા સરતપાસમાં ક્યાંય રાજદિપ જ્વેલર્સનો સિક્કો મારેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ રાજદિપ જ્વેલર્સના નામથી ફરિયાદ દાખલ કરેલી છે પણ અમો રાજદિપ જ્વેલર્સના ઓથોરાઈઝ્ડ પરસન કે, પ્રોપરાઈટર હોય તે બાબતનો કોઈ આધાર– પુરાવો આ કામે રજુ કરેલ નથી.”

સદર બાબતે વિશ્લેષણ કરીએ તો ફરીયાદીએ હાલની ફરિયાદના હેડીંગમાં "રાજદીપ જ્વેલર્સના પ્રોપરાઈટર સોની મનોજકુમાર અચલચંદ" એવું લખેલ છે. સદર બાબતે કેસ રેકર્ડ જોતાં ફરિયાદી પોતે રાજદિપ જ્વેલર્સના પ્રોપરાઈટર છે તેવું બતાવવા કોઈ જ દસ્તાવેજી આધાર–પુરાવો રજૂ કરેલ નથી. તકરારી ચેકમાં પેઇ ના કોલમમાં "રાજદિપ જ્વેલર્સ" એવુ સ્પષ્ટ લખેલ છે. તકરારી ચેક આરોપીએ "રાજદિપ જ્વેલર્સ" ને આપેલ છે, સોની મનોજકુમાર અચલચંદને આપેલ નથી. આમ, જોતાં તકરારી ચેક આરોપીએ "રાજદિપ જ્વેલર્સ" ને આપેલો છે, તેથી સદર ચેક બાબતની ફરીયાદ "રાજદિપ જ્વેલર્સ" દાખલ કરી શકે, સોની મનોજકુમાર અચલચંદ જાતે તેમના નામથી દાખલ કરી શકે નહી. હવે, જો સોની મનોજકુમાર અચલચંદ રાજદિપ

જ્વેલર્સના પ્રોપરાઈટર એવો હેડીંગથી ફરિયાદ દાખલ કરતાં હોય તો તેમણે તેઓ પોતે "રાજદિપ જ્વેલર્સ"ના પ્રોપરાઈટર છે તે બતાવતો આધાર–પુરાવો રજૂ કરવો પડે, જે આ કામે રજૂ કરેલ નથી, તેના અભાવે સોની મનોજકુમાર અચલચંદે હાલની ફરિયાદ દાખલ કરવા હક્કદાર નથી, તેમજ એન.આઇ.એક્ટ ની કલમ ૧૪૨(૧)(એ) ની જોગવાઇ મુજબ ફરીયાદ યોગ્ય રીતે દાખલ થયેલ ગણાય નહી એટલે કે ફરીયાદી સોની મનોજકુમાર અચલચંદ પેઈ કે હોલ્ડર ઇન ડ્યુ કોર્સ ગણી શકાય નહી તેવું આ અદાલતનુ સ્પષ્ટ માનવુ છે. વળી, નામ. સુપ્રિમકોર્ટનો ચૂકાદો **LAWS (S.C.) 2011–332 મીલીન્દ શ્રીપદ ચંદુરકર વિરૂધ્ધ કલીમ એમ. ખાન** તથા નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **LAWS (GLH) 2010–1160 સુરેન્દ્રનગર મર્કન્ટાઇલ કો.ઓપરેટીવ બેન્ક વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદાઓના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદી પ્રોપરાઈટરી ફર્મના પ્રોપરાઇટર છે તે બાબતનો કોઇ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કર્યા વગર ફરીયાદીને ફરીયાદ દાખલ કરવા કોઈ જ લોકસ સ્ટેન્ડી નથી.

(૧૨) આમ, ફરિયાદીએ પોતે "રાજદિપ જ્વેલર્સ" ના પ્રોપરાઈટર છે તેવું બતાવવા આ કામે કોઈ જ દસ્તાવેજી આધાર–પુરાવો રજુ કરેલ નથી. આરોપીએ ચેક "રાજદિપ જ્વેલર્સ"ને આપેલ છે. ફરિયાદી "રાજદિપ જ્વેલર્સ"ના પ્રોપરાઈટર છે તે બતાવવા કંઈ રજુ કરતાં નથી, તેથી તેઓ કઈ રીતે ફરિયાદ દાખલ કરી શકે ? તેવા સંજોગોમાં એન. આઈ. એક્ટની કલમ–૧૪૨(૧)(એ) તથા નામદાર સુપ્રિમ કોર્ટનો ચૂકાદો **મિલિન્દ શ્રીપદ વિરૂદ્ધ કલીમ એમ. ખાન** તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચૂકાદો **સુરેન્દ્રનગર મર્કન્ટાઈલ કો. ઓપરેટીવ બેંક વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચૂકાદાઓમાંના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાને લેતાં એવા દસ્તાવેજી આધાર–પુરાવાના અભાવે ફરિયાદીને હાલની ફરિયાદ દાખલ કરવા કોઈ જ અધિકાર પહોંચતો નથી અને

મેન્ડેટરી જોગવાઈનું પાલન થયેલ નથી. તમામ સંજોગો, કાયદાકીય જોગવાઈઓ તથા નામદાર ઉચ્ચ અદાલતના ઉપર્યુક્ત ચૂકાદાઓમાંના પ્રસ્થાપિત સિદ્ધાંતો ઉપર્યુક્ત વર્ણન ધ્યાને રાખી **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** આપી **મુદ્દા નં.૨** બાબતે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**// આખરી હુકમ //**

➔ આ કામના આરોપીને **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮** મુજબના ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૧) હેઠળ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

➔ આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરાં) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકાં રજુ રાખવા.

➔ આરોપી હાજર રહેતાં ન હોય અને આજરોજ પણ હાજર ન હોઈ, આરોપી વિરૂદ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) અનુસંધાને નોન-બેઈલેબલ વોરંટ ઈસ્યુ કરવું.

હુકમ આજરોજ તારીખ **૦૪** માહે **જુન**, સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૦૪.૦૬.૨૦૨૬ | **( નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી )** |
| સ્થળઃ કલોલ. | **અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,** |
| | **મુ. કલોલ, જી. ગાંધીનગર.** |
| | **UIC No. GJ 00894** |